જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨/૧૧/૨૦૧૫ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૨૩૨ /૧૫**

**બનાસકાંઠા, કાંકરેજ તાલુકાના ઇસમને દેશી બનાવટ ની રીવોલ્વર સાથે સોલા. શાયોના ચાર રસ્તા પાસેથી ઝડપી પાડતી ક્રાઈમ બ્રાન્ચ, અમદાવાદ શહેર**

અમદાવાદ શહેર માં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે હેતુથી અમદાવાદ શહેર, નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ સાહેબ નાઓની સુચના માર્ગદર્શન આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ સાહેબ ના સ્કોડના પો.સ.ઈ. શ્રી જે.એન.ચાવડા તથા પો.સ.ઇ. શ્રી એ.પી.ચૌધરી તથા સ્ટાફના પોલીસ કર્મચારીઓ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગ માં હતા દરમિયાન ચોક્કસ બાતમી હકીકત આધારે અમદાવાદ, સોલા, શાયોના ચાર રસ્તા પાસેથી આરોપી રાજેશકુમાર ઉર્ફે રાજુ ચંદુભાઇ પટેલ ઉ.વ.૩૩, રહે. હાલ. ડી/૪૭, હાઇકોર્ટના બંગલા, વસંતનગર ટાઉનશીપ, ગોતા, અમદાવાદ મુળ ગામ. કલ્યાણપુરા, તા. કડી, જી. મહેસાણા અભયસિંહ ઉર્ફે લાલો હકુભા વાઘેલા ઉ.વ.૨૭, રહે. ગામ. ઉંણ, લોધાણા વાસ, તા. કાંકરેજ, જી. બનાસકાંઠા વાળા ને રોકી લઈ જરૂરી કાર્યવાહી કરી તેની અંગઝડતી તપાસ કરતા તેના કબ્જામાંથી પાસ-પરવાના વગરની દેશી બનાવટની રીવોલ્વર નંગ-૧, કિંમત રૂ.૧૦,૦૦૦/- ની મત્તાની સાથે મળી આવતા જે કબ્જે કરી સદર ઈસમની ધરપકડ કરવામાં આવેલ છે. સદર ઈસમ વિરૂધ્ધ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

સદર ઇસમની પુછપરછ દરમિયાન કબ્જે કરવામાં આવેલ હથિયાર પોતે રાજસ્થાન આબુ રોડ પાસે થી ખરીદેલ હોવાનુ જણાવે છે જે દિશામાં આગળ ની તપાસ હાથ ધરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)